| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨ / ૦૩ / ૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૨ / ૦૩ / ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૦૭ / ૦૩ / ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૫ |

सत्यमेव जयते

# મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૨૬/૨૦૨૬.**
આંક–

અરજદારઃ– ૧. **બહેલીમ શાહરૂખખાન ઉર્ફે સારકખાન રહેબરઅલીખાન,**
ઉં.વ.આ. – ૩૦, ધંધો.– મજુરી,
રહે.– સવાલા,
તા.– વિસનગર, જી.– મહેસાણા.

**વિ રૂ દ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અરજ...

| | |
|---|---|
| અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી | એમ. એસ. મેમણ. |
| સામાવાળા તરફે વિદ્વાન એડિ.પી.પી. શ્રી | બી. બી. ચાવડા. |

**––// ઠ રા વ //––**

(૧).. અરજદાર/આરોપી તરફે સદર જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ નીચે દાખલ કરીને વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૫૦૬૯૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૨૫ તથા પ્રાણીઓની સાચવણી

અંગેના અધિનિયમની કલમ–૦૫(૧), ૦૬(બી), ૦૮(૪), ૧૦ મુજબની ફરિયાદ તા.૦૯–૧૦–૨૦૨૫ ના રોજ દાખલ કરેલ છે. જે કામમાં તપાસ કરનાર અમલદારશ્રીએ અરજદારની ધરપકડ કરી તા.૧૯–૦૨–૨૦૨૬ ના રોજ રજુ કરી નામદાર કૉર્ટમાં તા. ૨૦–૦૨–૨૦૨૬ ના રોજ રજુ કરી પોલીસ રીમાન્ડની માગણી કરતાં અરજદારને તા.૨૩–૦૨–૨૦૨૬ સુધીના રીમાન્ડ મંજુર કરેલ. રીમાન્ડ સમય પુર્ણ થતાં નામદાર કૉર્ટમાં રજુ કરતાં અરજદાર/આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મુકેલ હોય જેથી અરજદાર/આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા હાલની જામીન અરજી દાખલ કરેલી છે.

(૨).. અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ જામીન અરજી મુજબ રજુઆત કરી દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતો કોઈ ગુનો કરેલ નથી કે ગુના અંગે તેઓ કંઈ જ હકીકત જાણતા નથી તેમ છતાં તેમની સામે અગાઉ આ મુજબનો ગુનો સને ૨૦૨૩ માં નોધાયેલ તે આધારે તેમને સંડોવી દીધેલ છે.તેમજ અરજદાર સ્થળ ઉપરથી મળી આવેલ નથી કે તેમની પાસેથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી. તેમજ જે મુદ્દામાલ મળી આવેલ તે વાહન તેમની માલીકીની નથી. અરજદાર/આરોપી ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી. અરજદાર/આરોપી મજુરી કરી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. અરજદાર/આરોપી યુવાન વયના અને કુટુંબ કબીલાવાળા વ્યક્તિ છે તેમજ તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી ઉપરોક્ત સરનામે રહેતા હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેઓ નામદાર કૉર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તેઓ તૈયાર છે અને નામદાર

કૉર્ટ ફરમાવે તેવી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે. જેથી અરજદાર/આરોપીને આપી જામીન મુક્ત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના આરોપીને તેની સામે અગાઉ નોધાયેલ સેશન્સ કેસ નંબર–૧૯/૨૦૨૩ ના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. તેમજ નામદાર ગુજરાત હાઈકૉર્ટે દ્વારા R/Criminal Misc Application No.–7326/2022 ના કામે તથા R/Criminal Misc Application No.–9394/2022 ના કામે તથા R/Criminal Misc Application (For Anticipatiory Bail) No.–7295/2025 ના કામે આ મુજબના અન્ય ગુનાના આરોપીઓને જામીન મુક્ત કરવામાં આવેલ હોય તે પ્રસ્થાપીત સિધ્ધાતો આધારે જામીન મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૩).. સામાવાળા તરફે વિ. એડિશ્નલ પી.પી.શ્રી બી. બી. ચાવડાને સાંભળ્યા, તેઓની મુખ્યત્વે રજુઆત છે કે, આ કામના તહોમતદારોએ ગૌમાંશ પશુ (કુલ નંગ–૧૧ ગાયનું) કતલ કરી ગૌમાંશ ઉતારી ગૌમાંશનું ચામડું (ગૌમાંશ) આશરે ૩૦૦ કીલોગ્રામનું વાહન રીક્ષા નંબર–જી.જે.–૨૭–ડબલ્યુ.એ.–૧૬૧૫ માં ભરી લાવી ગૌમાંશ તથા ઓજારો/હથિયાર વાહન રીક્ષા મળી કુલ કીંમત રૂ.૧,૦૦૩૮૦/– નો મુદ્દામાલ રાખી ગુનો કરી પોલીસ રેડ દરમ્યાન સ્થળ ઉપર થી નાસી જઈ ગુનો આચરેલ છે.

આમ, આ કામના આરોપીની બનાવમાં સ્પષ્ટ ભુમીકા જણાય છે. આ સંજોગોમાં આ તબક્કે આરોપીને જામીન પર મુક્ત નહી કરવા વિનંતી કરેલ છે. જેથી પણ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪).. બંન્ને તરફેની રજુઆત ધ્યાને લીધી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું.

આ કામના અરજદાર/આરોપી વિરૂદ્ધ વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૫૦૬૯૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૨૫ તથા પ્રાણીઓની સાચવણી અંગેના અધિનિયમની કલમ–૦૫(૧), ૦૬(બી), ૦૮(૪), ૧૦ મુજબનો ગુન્હો નોધાયેલ છે.

આ કામે ફરિયાદની હકીકત તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા તપાસના કાગળો જોતાં આ કામના તહોમતદારોએ ગૌમાંશ પશુ (કુલ નંગ–૧૧ ગાયનું) કતલ કરી ગૌમાંશ ઉતારી ગૌમાંશનું ચામડું (ગૌમાંશ) આશરે ૩૦૦ કીલોગ્રામનું વાહન રીક્ષા નંબર–જી.જે.–૨૭–ડબલ્યુ.એ.–૧૬૧૫ માં ભરી લાવી ગૌમાંશ તથા ઓજારો/હથિયાર વાહન રીક્ષા મળી કુલ કીંમત રૂ.૧,૦૦૩૮૦/– નો મુદ્ધામાલ રાખી ગુનો કરી પોલીસ રેડ દરમ્યાન સ્થળ ઉપર થી નાસી જઇ ગુનો આચરેલાનો આક્ષેપ છે.

(૫).. ગુનાની ફરિયાદ તથા તપાસના કાગળો જોતાં હાલનો આરોપી સ્થળ ઉપરથી મળી આવેલ હોય અગર તો તેના પાસેથી મુદ્ધામાલ મળી આવેલ હોય તેવું કંઇ પ્રથમદર્શનીય રીતે જણાઇ આવતું નથી. વધુમાં અરજદાર સામે આ મુજબનો જે અન્ય ગુનો નોધાયેલ તેમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. વધુમાં અરજદાર/આરોપી નામદાર કૉર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે.

(૬).. વધુમાં નામદાર સુપ્રીમ કૉર્ટનો ચુકાદો સંજય ચંન્દ્રા વિ. સી.બી.આઇ.ના ચુકાદામાં જામીન અંગે પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત ધ્યાને લઇ તથા હાલના આરોપી સ્થાનીક રહીશ હોય અને તેઓની ટ્રાયલના કામે હાજરી સુનીશ્ચીત જણાય છે. તેમજ અરજદાર/આરોપીનો ગુનામાં રોલ ધ્યાને લેતાં તથા અરજદાર/આરોપી તરફે આધાર લીધેલ નામદાર ગુજરાત હાઇકૉર્ટના ઉપરોક્ત નોધેલ ચુકાદામાં જામીન અંગે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાતો ધ્યાને લઇ હાલના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયેની વિવેકબુધ્ધીની સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય જણાતું હોય. અરજદાર/આરોપીની જામીન અરજી સબબ નીચે મુજબનો હુકમ કરૂ છું.

**/// હુકમ ///**

(૧).. પ્રસ્તૃત કામના અરજદાર/આરોપી, **બહેલીમ શાહરૂખખાન ઉર્ફે સારકખાન રહેબરઅલીખાન,** ઉં.વ.આ. – ૩૦, ધંધો.– મજુરી, રહે.– સવાલા, તા।.– વિસનગર, જી.– મહેસાણાવાળાઓની વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટ્રેશન નંબર– વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૦૨૨૫૦૬૯૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૨૫ તથા પ્રાણીઓની સાચવણી અંગેના અધિનિયમની કલમ–૦૫(૧), ૦૬(બી), ૦૮(૪), ૧૦ મુજબના ગુનાના કામે આરોપીને રૂ. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરેથી નીચેની શરતોની આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

**(૧)** અરજદાર/આરોપીએ પોતાના ઓળખ અંગેના તથા હાલના તેમજ

કાયમી સરનામા અંગેના દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજુ કરવાના રહેશે તથા અદાલતની પુર્વ પરવાનગી સિવાય સરનામું બદલવું નહી.

(૨) અરજદાર/આરોપીએ આવા પ્રકારના કે બીજો કોઈપણ પ્રકારના ગુન્હા કરવા નહી કે આચરવા નહિ.

(૩) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક ધમકી આપી અથવા તો પ્રલોભનો આપી અથવા તો કોઈપણ રીતે ફરિયાદપક્ષના સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરવો નહી તથા ટ્રાયલ પુરી થતાં સુધી નિયમીતપણે કૉર્ટમાં હાજર રહેવાનું રહેશે.

(૪) અરજદાર/આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો ટ્રાયલ કૉર્ટ જરૂરી કાર્યવાહી કરી શકશે.

**(૫) અરજદાર/આરોપીએ ચાર્જશીટ ન થાય ત્યાં સુધી સબંધીત પોલીસ સ્ટેશનમાં દર અંગ્રેજી માસની ૦૧ લી તારીખથી ૧૫ તારીખ સુધીમાં સવારના ૧૦–૦૦ કલાકથી કલાક ૦૧–૦૦ વાગ્યા સુધી હાજરી પુરાવવી.**

– જામીન નીચેની કૉર્ટમાં આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી કૉર્ટ તથા જે તે પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૦૭મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.– ૦૭/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર.

(પ્રવિણભાઈ જોઈતાભાઈ ચૌધરી )
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**મુ.વિસનગર.**
UIC No.GJ–00661

પી.એસ., મહેશ જી. રાવલ.